 **રે. દિ. દાવા નં. ૭૭/૨૦**

**આંક– ૨૦ નું સાંધાણ**

**<u>સોગંદઆપ્યા</u>**

**વાદીના વિ.વ.શ્રી તરફ થી આંક–૨૨ વાળી અરજી મુજબ આધારો માર્ક ૨૧/૧ થી ૨૧/૪ વાળા આંકે પાડવાની રજુઆત કરતા હોય જયારે પ્રતિવાદીનાં વિ.વ.શ્રી તરફ થી પુરવાર કરવાની શરતે આધારો આંકે પડે તેમાં વાંધો ન હોય જેથી રજુ દાખલ આંક–: ૨૩ થી ૨૬ આપવામાં આવે છે.**

**ઉલટ તપાસ – પ્રતિવાદી નં. ૧ તરફે વિ.વ.શ્રી કે. જે. મહેતા**

એ વાત ખરી છે કે, સદરહું મિલ્કત અમોને કોટુંબીક વહેચણી થી મળેલ છે. એ વાત ખરી છે કે, સદરહુ મિલ્કત નો અમે કોઈ દસ્તાવેજ કરાવેલ નથી. એ વાત ખરી છે કે, મનોજભાઈ ગોંડલીયા અમારા પતિ થાય છે. એ વાત ખરી છે કે, પ્રતિવાદી નં. ૧ એ મારા પતિની તરફેણમાં રાજી ખુશીથી હકક જતો કરેલ છે. એ વાત ખરી છે કે, તેમ છતાં અમોએ તેમણે પક્ષકાર તરીકે હાલના દાવામાં જોડેલા છે. એ વાત ખરી છે કે,પ્રતિવાદી નં. ૧ અમારા જેઠ તથા પ્રતિવાદી નં. ૨ ના કોર્ટ રુબરુ છુટા છેડા થઈ ગયેલ છે.

આ કામે પ્રતિવાદી નં. ૨ વાળા કે તેઓનાં વિ.વ.શ્રી ને વાંરવાર પોકાર કરાવતા હાજર થયેલ નથી કે, કોઈ રીપોર્ટ રજુ થયેલ નથી જેથી તેઓ તરફે કોઈ ઉલટ તપાસ નથી.

---
સાહેદની સહી

ઉલટ તપાસ પુરી.

ફેર તપાસ નથી.

_______________
સાહેદની સહી

સાહેદ તથા તેના વિ.વ.શ્રી ચાલુ જુબાનીએ સાહેદની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે અને તેમના વિ. વકીલશ્રીએ અને ઉલટ તપાસ કરનાર વિ. વકીલશ્રી એપ્રુવ કરેલી જુબાનીની પ્રીન્ટ કેસમાં મુકેલ છે. ના. ગુજરાત હાઈ કોર્ટ તરફથી આ અદાલતને તા. ૨૪/૦૭/૧૯ ના રોજ નામદાર પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબ, સુરત મારફત સુચના મળેલ છે કે દરેક સાહેદની જુબાનીઓમાં સાહેદની સહી લેવી. તેથી સાહેદે પોતે આપેલ જુબાની તેણે આપ્યા મુજબ નોંધાયેલ છે તે કબુલ રાખ્યા બદલ તેની સહી કરેલ છે.

પ્રિન્સીપાલ સીની. સીવીલ જજ
ભુજ - જી.જે.૦૦૮૧૪

મારી રુબરુ

તા. ૨૧– ૧૨ –૨૦૨૨
ભુજ–કચ્છ.

પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
ભુજ–કચ્છ.

_______________
સાહેદની સહી

**આંક– ૨૦ નું સાંધાણ**

**આ કામે પ્રતિવાદી નં. ૨ ના વિ.વ.શ્રી હાજર થઈ આંક–૨૭ વાળી ઉલટ તપાસનો હકક રીઓપન કરવા ની અરજી રજુ કરતા જે અરજી મંજૂર કરી તે મુજબ સાહેદ ને ઉલટ તપાસ નોંધી.**

<u>સોગંદઆપ્યા</u>

**ઉલટ તપાસ – પ્રતિવાદી નં. ૨ તરફે વિ.વ.શ્રી પી.આર.ગઢવી**

એ વાત ખરી છે કે, પ્રેમજીભાઈ કુંવરજીભાઈ ગોંડલિયા મારા સસરા થાય છે. એ વાત ખરી છે કે, સદર પ્લોટ કે જે મુળ મારા સસરા પ્રેમજીભાઈ કુંવરજીભાઈ ગોંડલીયાનો હતો. હું હાલે કયાં પ્લોટ નંબર પર રહવ છું હું મારા પતિ સાથે રહવ છું. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, સોગદનામામાં જણાવેલ છે. એ વાત ખરી છે કે, મારા સસરા પ્રેમજીભાઈ કુંવરજીભાઈ ગોંડલિયા જે તેઓ અલગ મકાનમાં રહે છે. તેવી જ રીતે હું પણ અલગ મકાનમાં મારા પતિ સાથે રહવ છું. આ કામનાં પ્રતિવાદી નં. ૨ વાળા કે જેઓ મારા જેઠની પત્ની એટલે કે જેઠાણી થાય છે. મારા જેઠાણી આ વાદગ્રસ્ત મકાનમાં કેટલા વર્ષથી રહે છે તે મને યાદ નથી. એ વાત ખરી છે કે, આ વાદગ્રસ્ત મકાન બન્યું ત્યાર થી કરી આજ લગી તે તેજ મકાનમાં રહે છે. એ વાત ખરી છે કે, આ મકાનમાં રાઘાબેન તથા તેમનો પુત્ર સદરહું મકાનમાં

સાહેદની સહી

રહે છે. એ વાત ખરી છે કે, આ કામના પ્રતિવાદી નં. ૨ વાળા અને મારા જેઠ વચ્ચે કોટુંબીક તકરાર ચાલે છે. એ વાત ખરી છે કે, આ કામના પ્રતિવાદી નં. ૨ વાળા સાથે મારા જેઠ રહેતા નથી. એ વાત ની મને ખબર નથી કે, તારીખ–: ૧૮/૫/૨૦૧૧ ના મારા જેઠાણી રાધાબેન ખીમજી ગોંડલીયાએ ના. ચીફ જ્યુ. મેજી. સમક્ષ ફોજદારી પ. અ. નં. ૩૩૬/૧૧ વાળી ભરણ પોષણ તેમજ સદર મકાનમાં રહેવા દે તે બાબતની ડોમેસ્ટીક વાયલેન્સ ની અરજી કરેલી.

એ વાતની મને ખબર નથી કે, સદર અરજીમાં પ્રતિવાદી નં. ૨ તરીકે મારા સસરા પ્રેમજીભાઈ કુંવરજીભાઈ ગોંડલિયા ને જોડેલ છે અને પ્ર તિવાદી નં. ૧ તરીકે મારા જેઠ ખીમજી પ્રેમજી ગોંડલીયાને જોડેલ છે. એ વાતની મને ખબર નથી કે, સદરહું અરજીમાં મારા સસરા પ્રેમજીભાઈ કુંવરજીભાઈ ગોંડલિયા હાજર પણ રહેલ છે અને ના.કોર્ટ સમક્ષ પુરાવો પણ આપેલ છે. એ વાતની મને ખબર નથી કે, ના.કોર્ટએ તા. ૭/૫/૧૬ ના રોજ ના.અધિક સીવીલ જજ સાહેબે આ મકાન જે તે સમયના એપ્લીકેન અને હાલનાં પ્રતિવાદી નં. ૨ વાળા પાસે મકાનનો કબજો પ્રતિવાદી નં. ૨ વાળા પાસે રહે તેવો હુકમ ફરમાવેલ છે. એ વાતની મને કોઈ જાણ નથી કે, સદર પ્લોટ અમારા નામનો કરવા માટેની કાર્યવાહી ફો.પ.અ.નં. ૩૩૬/૧૧ થયા બાદ થયેલી છે. એ વાતા ખરી છે કે, આ વાદવાળું મકાન તથા અમો રહીએ છીએ તે મકાન તથા મારા સસરાનું મકાન એમ ત્રણેય મકાનો અલગ

---
સાહેદની સહી

અલગ બાજુ બાજુ માં આવેલા છે. એ મને ખ્યાલ નથી કે, પ્રતિવાદી નં. ૧ અને પ્રતિવાદી નં.૨ વાળા વચ્ચે ભરણ પોષણ, તેમજ છુટાછેડા તે બાબતની કોર્ટ મેટર હાલે પણ ચાલુમાં છે. એ મને ખબર નથી કે, આ કામના પ્રતિવાદી નં. ૧ વાળા પ્રતિવાદી નં. ૨ વાળા તેમના પતિ ભરણ પોષણ કે વારસાઈ થતા હકકો કોઈ પણ આપેલા નથી. એ વાત ખરી છે કે, વાદગ્રસ્ત પ્લોટ પ્રથમ મારા સસરાએ આ કામનાં પ્રતિવાદી નં. ૧ વાળાને આપેલો. એવીજ રીતે પ્લોટ નંબર ૯૯ વાળો એ જે મારા પતિને આપેલ છે. એ વાત ખરી છે કે, અમો હાલે પ્લોટ નંબર ૯૯ વાળામાં રહીએ છીએ.

એ વાત ખરી નથી કે, આ કામના પ્રતિવાદી નં. ૨ વાળા તથા તેના સગીર પુત્રને ભવિષ્યમાં હકકો આપવા ન પડે તેવા આશ્રયથી આ મકાન અમો વાદીને આપેલ છે. એ વાત ખરી છે કે, સદર વાદગ્રસ્ત મકાન અમો વાદીએ અમારા નામે કરાવેલ ત્યારે આ કામના પ્રતિવાદી નં. ૨ વાળા ત્યાં રહેણાંક કરતા હતા. એ વાત ની મને ખબર નથી કે, સદર વાદગ્રસ્ત મકાન અમો વાદી અમારા નામે કરેલ તેની અમોએ પ્રતિવાદી નં. ૨ વાળાને કોઈપણ પુછપરછ કરેલી નથી. એ વાત ખરી નથી કે, અમોએ આ કાના પ્રતિવાદી નં. ૨ ને પ્લોટની નામ ટ્રાન્સફરની કાર્યવાહીની જાણ કરેલ નથી. એ વાત ખરી છે કે, પ્રતિવાદી નં. ૧ વાળા ૧૫ વર્ષ થી વિદેશ જ રહે છે. એ વાત ખરી છે કે, અમો વાદી તથા મારા સસરા બન્નેને રહેવા માટે અલગ

મકાન છે અને તેમા અમો હાલે રહેણાંક કરીએ છીએ. એ વાત ખરી નથી કે, પ્રતિવાદી નં. ૨ વાળા તેમજ સગીર સંતાન ને તેણે ભવિષ્યમાં તેમના હકક અધિકારો આપવા ન પડે એટલા માટે આ સદર મકાન અમો વાદીના નામે કરેલ છે.

એ વાત ની મને ખબર નથી કે, સદર વાદ વાળું મકાન આ કામનાં પ્રતિવાદી નં. ૨ વાળાએ અમોને કહેલ હોય કે આ મકાન મને હાલે રહેણાંક માટે રહેવા આપો અને હું ભવિષ્યમાં આ મકાન પરત કરીશ. એ વાત ખરી છે કે, આ કામના પ્રતિવાદી નં. ૧ અને ૨ વાળાએ લગ્ન કર્યા ત્યારે સદર વાદગ્રસ્ત મકાન બનાવેલ છે. એ વાત ખરી છે કે, ત્યાર થી કરી આજ દિન સુધી વાદગ્રસ્ત મકાનમાં આ કામનાં પ્રતિવાદી નં. ૨ વાળા રહે છે.

એ વાત ખરી નથી કે, સદર વાદગ્રસ્ત ગેર કાયદેસર રીતે આ કામના પ્રતિવાદી નં. ૨વાળા તેમના હકકો ડુબાડવાના આશ્રયથી અમો વાદીનાં નામે કરાવેલ છે. એ વાત ખરી નથી કે, સોગદ ઉપર ખોટી જુબાની આપુ છું.

ઉલટ તપાસ પુરી.

ફેર તપાસ નથી.

---

સાહેદની સહી

સાહેદ તથા તેના વિ.વ.શ્રી ચાલુ જુબાનીએ સાહેદની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે અને તેમના વિ. વકીલશ્રીએ અને ઉલટ તપાસ કરનાર વિ. વકીલશ્રી એપ્રુવ કરેલી જુબાનીની પ્રીન્ટ કેસમાં મુકેલ છે. ના. ગુજરાત હાઈ કોર્ટ તરફથી આ અદાલતને તા. ૨૪/૦૭/૧૯ ના રોજ નામદાર પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબ, સુરત મારફત સુચના મળેલ છે કે દરેક સાહેદની જુબાનીઓમાં સાહેદની સહી લેવી. તેથી સાહેદે પોતે આપેલ જુબાની તેણે આપ્યા મુજબ નોંધાયેલ છે તે કબુલ રાખ્યા બદલ તેની સહી કરેલ છે.

---

સાહેદની સહી

# રે. દિ. દાવા નં. ૭૭/૨૦

પ્રિન્સીપાલ સીની. સીવીલ જજ
ભુજ - જી.જે.૦૦૮૧૪

મારી રુબરુ

તા. ૨૧– ૧૨ –૨૦૨૨
ભુજ–કચ્છ.

પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
ભુજ–કચ્છ.

સાહેદની સહી